


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-51 ■ તા. 12-12-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### ૩૭૯ દિવસથી ચાલી રહેલ ખેડૂત આંદોલન સમાપ્ત

# ટિકૈતે લીલી ઝંડી બતાવ્યા બાદ દિલ્હી બોર્ડર છોડીને ખેડૂતોની ટુકડીઓ રવાના થવા માંડી

## ટીકરી બોર્ડરથી આંદોલન સમેટી ઘરે પરત ફરતા સમયે પંજાબના ૨ ખેડૂતનાં અકસ્માતમાં મોત થયાં

નવીદિલ્હી,તા.૧૧

૩૭૯ દિવસથી ચાલી રહેલ ખેડૂત આંદોલન ખતમ થયા બાદ આજથી ખેડૂતોની દિલ્હી બોર્ડર પરથી કિસાનોની ઘરવાપસી શરુ થઈ ગઈ છે.પહેલી ટુકડીને ખેડૂત આગેવાન રાકેશ ટિકૈતે લીલી ઝંડી બતાવીને રવાના કર્યા હતા.ખેડૂતોની ટુકડીઓ ટ્રેક્ટરોમાં રવાના થઈ રહી છે જો કે ટિકૈત હજુ પણ બોર્ડર પર છે ટિકૈતને જ્યારે પૂછવામાં આવ્યુ ત્યારે તેમણે કહ્યુ હતુ કે, હજી બીજા ચાર દિવસ હું બોર્ડર પર રહેવાનો છું અને પંદર ડિસેમ્બરે ગાઝીપુર બોર્ડર છોડીને મુઝઝફરનગર જવા રવાના થઈશ.

ખેડુતોએ આજે હર્ષોલ્લાસ સાથે તેમની જીતની ઉજવણીમાં વિજય રેલીઓ કાઢી હતી અને તેમના ઘરે જવા રવાના થયા હતાં.વિજય રેલીમાં જોડાવા પંજાબ અને હરિયાણાના ખેડુતો ૫૦૦ ટ્રેક્ટર-ટ્રોલીઓ સાથે કુંડળી પહોંચ્યા હતાં અને લગભગ બે કલાક લંગર પછી તરત જ ખેડુતોની ટુકડીઓ સરઘસના રૂપમાં રવાના થઇ હતી યુનાઈટેડ કિસાન મોરચાએ ગુરુવારે સરકાર સાથે સંમત થયા બાદ આંદોલન સ્થગીત કરવાની જાહેરાત કરી હતી જો કે ટીકરી બોર્ડરથી આંદોલન સમેટી ઘરે પરત ફરતા સમયે પંજાબના ૨ ખેડૂતનાં અકસ્માતમાં મોત થયાં છે. હરિયાણા નજીક હિસારના નેશનલ હાઈવે-૯ પર શનિવારે વહેલી સવારે ૭ વાગ્યે ખેડૂતોની ટ્રોલીને ટ્રકે અડફેટે લીધી હતી. આ દુર્ઘટનામાં પંજાબના મુક્તસર સાહિબ નિવાસી ખેડૂત સુખવિંદર અને અજયપ્રીતનાં મૃત્યુ થયાં છે, જ્યારે ૫ ખેડૂત ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી ૨ને હોસ્પિટલ ખેસેડાયા છે.

સંયુક્ત કિસાન મોરચાએ હેલિકોપ્ટર ક્રેશમાં સીડીએસ રાવત અને અન્ય સેનાના અધિકારીઓનાં મૃત્યુને કારણે ખેડૂતોએ જીતની ઉજવણી કરી નહોતી, પરંતુ આજે ૧૧ ડિસેમ્બરે બોર્ડર પરથી ઘરે જતાં પહેલા કિસાન 'વિજય દિવસ' મનાવી રહ્યા છે. ઘરે પાછા જતાં પહેલાં બોર્ડર પર જ ખેડૂતો દ્વારા 'વિજયરેલી' યોજી હતી. ખેડૂત નેતા કહી રહ્યા છે કે આજે દરેક ખેડૂત પોતાનું માથું ઊંચું કરીને પંજાબમાં પ્રવેશ કરશે, સન્માન સાથે ઘરે પહોંચશે. રસ્તામાં અનેક જગ્યાએ ખેડૂતોનું ભવ્ય સ્વાગત કરવામાં આવી રહ્યું છે.૨૬ જાન્યુઆરી બાદ પ્રથમ વખત એવું બન્યું, જ્યારે દેશના રસ્તા પર ફરી એક વખત ટ્રેક્ટરોની લાંબી લાઇન જોવા મળી છે. આ જીતની ઉજવણીની તૈયારી શીખ પરંપરા મુજબ શ્રી ગુરુ ગ્રંથ સાહિબ સાથે ખેડૂત સંગઠનો દ્વારા કરવામાં આવી છે.રાજા-મહારાજાની જેમ ખેડૂતોની આગળ ઘોડાગાડીનો કાફલો અને ખેડૂતોનો મોટો કાફલો ચાલી રહ્યો હતો મોટી સંખ્યામાં ટ્રેક્ટરોની અવરજવરને કારણે ટ્રાફિકજામ પણ થયો હતો. ઘરે જઇ રહેલા ખેડૂતોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કેટલાક સ્થળે ડ્રોન દ્વારા ખેડૂતો પર ફુલ વરસાવવામાં આવ્યા હતા. રસ્તામાં ખેડૂતો માટે પકવાન પણ બનાવવામાં આવ્યા હતાં ખેડૂતો માટે ખીર, હલવો, પૂરી, જલેબી અને શાક-રોટલી બનાવવામાં આવી હતી

ઉલ્લેખનીય છે કે, સરકારે કૃષિ કાયદા પાછા ખેંચ્યા બાદ પણ એમએસપીને લઈને ખેડૂતોએ આંદોલન ચાલુ રાખ્યુ હતુ .જોકે સરકારે લેખિતમાં ખેડૂતોની એમએસપી સહિતની પાંચ માંગણીઓ માની લીધી હોવાથી ખેડૂતોએ આંદોલન ખતમ કરવાની જાહેરાત કરી હતી.સરકારે ખેડૂતોને પત્ર લખીને તેમાં કહ્યુ છે કે, એમએસપી પર સરકારે કમિટી બનાવવાનુ નક્કી કર્યુ છે અને તેમાં ખેડૂત આગેવાનો પણ સામેલ હશે.ખેડૂતો પરના કેસો પાછા ખેંચવા માટે દરેક રાજ્ય સરકારે સંમતિ આપી હોવાનુ પત્રમાં સરકારે કહ્યુ છે અને સાથે સાથે ભારત સરકાર સાથે જોડાયેલી એજન્સીઓ અને દિલ્હી પોલીસ પણ ખેડૂતો સામેના કેસ પાછા ખેંચશે.સબંધિત રાજ્ય સરકારોએ મૃત્યુ પામેલા ખેડૂતોને વળતર આપવા માટે પણ સંમતિ આપી દીધી છે.

સરકારે પત્રમાં આગળ કહ્યુ હતુ કે, સંસદમાં રજૂ થનારા વીજ બિલમાં ખેડૂતો પર અસર કરે તેવી જોગવાઈઓ પર પહેલા ખેડૂતો સાથે અને બીજા સબંધિત પક્ષો સાથે ચર્ચા થશે અને એ પછી જ બિલ સંસદમાં રજૂ કરાશે.

સરકારે પત્રમાં એવુ પણ કહ્યુ છે કે, પરાળી સળગાવવાના મામલામાં ખેડૂતો સામે કોઈ પણ જાતની કાયદાકીય કાર્યવાહી કરવામાં નહીં આવે.આમ ખેડૂતોની જે પાંચ માંગણીઓ છે તેનુ સમાધાન કરવામાંઆવ્યુ છે ત્યારે હવે આ આંદોલન ચાલુ રાખવાનો કોઈ અર્થ નથી.સરકાર ખેડૂતોને અનુરોધ કરે છે કે, આંદોલન પુરુ કરવામાં આવે.

## મોટા છાત્ર નેતાઓની કમી લોકતંત્ર માટે સારી વાત નથી : સીજેઆઈ એન વી રમના



નવીદિલ્હી,તા.૧૧

દેશની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ એન વી રમનાએ દિલ્હીમાં નેશનલ લો યુનિવર્સિટીમાં આઠમા દીક્ષાંત સમારોહને સંબોધિત કર્યું હતું.આ દરમિયાન તેમણે છાત્ર નેતૃત્વને લઇ કહ્યુ કે ગત ત્રણ દાયકામાં અર્થવ્યવસ્થાના ઉદારીકરણ બાદથી છાત્ર સમુદાયથી કોઇ મોટા છાત્ર નેતા ઉભરીને આવ્યા નથી સીજેઆઇએ કહ્યું કે આ લોકતંત્રની મજબુતી પર પ્રતિકૂળ પ્રભાવ નાખી રહ્યું છે.સીજેઆઇએ કહ્યું કે જયારે સામાજિક અને રાજનીતિક રીતે યુવા જાગૃત થાય છે ત્યારે શિક્ષા,ભોજન કપડા આરોગ્ય મકાન જેવા મુદ્દા રાષ્ટ્રીય ચર્ચાનો મુખ્ય વિષય બને છે.તેમણે કહ્યું કે ગત ત્રણ દાયકાથી કોઇ મોટા છાત્ર નેતા ઉભરીને આવ્યા નથી.મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું કે એ જરૂરી છે કે સ્પષ્ટ વિચારોવાળા દુરદર્શી અને નિષ્ઠાવાન છાત્રને જાહેર જીવનમાં આવવું જોઇએ એક જવાબદાર યુવા લોકતંત્રને મજબુત કરવા માટે મહત્વપૂર્ણ છે.તેમણે કહ્યું કે છાત્ર નેતાઓની કમી લોકતંત્ર માટે સારી વાત નથી તેમણે કહ્યું કે કડવું સત્ય છે કે છાત્રોના ધંધાદારી વિશ્વવિદ્યાલયોમાં પ્રવેશ કર્યા બાદ પણ કલાસરૂમ સુધી જ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે.નહીં કે કક્ષાઓથી બહારની દુનિયા પર.મને ખબર નથી કે આ બધા માટે કોને દોષ આપવો.છાત્રોને સંબોધિત કરતા સીજેઆઇએ કહ્યું કે તમે દેશની મુખ્ય કાયદા વિશ્વ વિદ્યાલયોમાંથી કોઇ એકના કાયદા સ્નાતક છો તમારા બધાની સમજ પ્રત્યે વિશેષ જવાબજારી છે.કેજરીવાલને લઇ સીજેઆઇએ પ્રશંસા કરતા કહ્યું કે મુખ્યમંત્રી નેશનલ લો યુનિવર્સિટી દિલ્હી માટે તાકાતનો સ્તંભ રહ્યાં છે મને કહેવામાં આવ્યું છે કે તે આ સંસ્થાનના હિતમાં કરવામાં આવેલ દરેક અનુરોધનું સમ્માન કરે છે.તે દિલ્હીના લોકોના કલ્યાણ માટે પોતાની પ્રતિબધ્ધતા અને સખ્ત મહેનત માટે જાણીતા છે.શિક્ષા અને આરોગ્ય સારસંભાળના ક્ષેત્રમાં તેમના કામની ખુબ પ્રશંસા કરવામાં આવે છે.આ કાર્યક્રમમાં સીજેઆઇ ઉપરાંત દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ,દિલ્હી હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ડી એન પટેલ તથા અન્ય ન્યાયાધીશો પણ હાજર રહ્યાં હતાં.

## આંધ્રપ્રદેશ સરકાર લાન્સ નાયક તેજાના પરિવારને ૫૦ લાખ રૂપિયાના સહાય કરશે



હૈદરાબાદ,તા.૧૧

હેલીકોપ્ટર ક્રેશ દુર્ઘટનામાં જનરલ બિપીન રાવત તેમના પત્ની મધુલિકા રાવત સહિત સેનાના ૧૨ જવાનોનું નિધન થયું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત સમગ્ર દેશે અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ પાઠવી હતી. દુર્ઘટના દરમિયાન આંધ્રપ્રદેશના લાન્સ નાયક બી. સાઈ તેજાનું પણ આઠમી ડિસેમ્બરે નિધન થયું હતું. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાયએસ જગનમોહન રેડ્ડીએ તેમના પ્રતિ દુઃખ વ્યક્ત કર્યું હતું અને પરિવારને સંવેદના પાઠવી હતી. મુખ્યમંત્રી રેડ્ડીએ તેમના પરિવારને ૫૦ લાખ રૂપિયાની સહાયની પણ જાહેરાત કરી હતી.

દિવંગત લાન્સ નાયક બી. સાઈ તેજાના પિતા બી. મોહન ચિત્તૂર જિલ્લાના રેગડાપલ્લે ગામે ખેતીનો વ્યવસાય કરે છે, અને તેમણે જણાવ્યું હતું કે, તેજા, જે ૨૦૧૨ માં ગુંટુરમાં ભરતી અભિયાન દરમિયાન આર્મીમાં જોડાયો હતો, તે ૨૦૧૬ માં ૧૧ પેરામાં જોડાયો હતો અને લગભગ સાત મહિનામાં જનરલ રાવતના અંગત સુરક્ષા અધિકારી (પીએસઓ) તરીકે નિયુક્ત થયો હતો. તે હંમેશા આર્મીમાં જોડાવા માંગતો હતો અને તેના ધોરણ ૧૦ પછી તેની તૈયારી શરૂ કરી હતી. તે દરરોજ સવારે ૧૦ કિમી દોડતો હતો અને કસરત કરતો હતો. રજા પર ઘરે આવ્યો ત્યારે પણ તેણે આ પ્રથા ચાલુ રાખી. તેમને આર્મી પ્રત્યે ખૂબ જ લગાવ હતો. તે એક ક્રિકેટર પણ હતો અને સ્થાનિક ટુર્નામેન્ટમાં રમતો હતો," તે કહે છે, તેજાએ ગામની શાળામાં તેના ધોરણ ૧૦ સુધી અભ્યાસ કર્યો હતો અને ગુંટુરમાંથી તેનું સ્નાતક પૂર્ણ કર્યું હતું.

# રાજકીય વિચારો અને પત્રકારોને દબાવવા માટે રાજ્ય સરકાર પોતાની શક્તિનો ખોટો ઉપયોગ કરી શકે નહીં : સુપ્રીમ

નવીદિલ્હી,તા.૧૧

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, રાજકીય વિચારો અથવા પત્રકારોને દબાવવા માટે રાજ્ય બળનો ઉપયોગ ક્યારેય પણ કરવો જોઈએ નહીં. જો કે, વડી અદાલતે તેની સાથે કહ્યું કે, રાજકીય વર્ગોને પણ તેમના એ વિચારોનું આત્મનિરીક્ષણ કરવું જોઈએ, જેને તેઓ દેશની સામે રજૂ કરી રહ્યા છે અને ટ્વિટરના આ યુગમાં પત્રકારોની જવાબદારી વધી છે અને તેમને એ વાતનું ધ્યાન રાખીને કામ કરવું જોઈએ.

ન્યાયમૂર્તી એસકે કૌલ અને એમએમ સુંદરેશની ખંડપીઠે આ ટિપ્પણી પશ્ચિમ બંગાલમાં અમુક આર્ટિકલના પ્રકાશનને લઈને એક સમાચાર વેબ પોર્ટલના સંપાદકો અને અન્ય વિરુદ્ધ નોંધાયેલી ફરિયાદને રદ કરતા કરી હતી. પીઠે કહ્યું કે, પોતાની વિવિધતા પર ગર્વ કરનારા આપણા દેશમાં અલગ અલગ વિચારો અને અલગ અલગ મત હોવો સ્વાભાવિક છે. તેમાં રાજકીય વિચારો પણ શામેલ છે. આ લોકતંત્રનું મૂળ છે.

ટ્વિટર યુગમાં પત્રકારોની જવાબદારી વધી છે. પીઠે કહ્યું કે, રાજ્ય બળનો ઉપયોગ કોઈ પણ રાજનૈતિક વિચારનું દમન કરવા અથવા કોઈ પત્રકારને તે વસ્તુ માટે દબાવવા માટે બિલ્કુલ કરવો જોઈએ નહીં, જે પહેલાથી જ સાર્વજિક ક્ષેત્રમાં છે. તેનો અર્થ એવો જરાંયે નથી કે, તેનાથી પત્રકારોની જવાબદારી ઓછી થઈ જાય છે. ટ્વિટરના આ જમાનામાં પત્રકારોની જવાબદારીઓ ખૂબ વધી છે.

પશ્ચિમ બંગાળ સરકાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ દવેએ પીઠને જણાવ્યું છે કે, સરકારે ઓપઈંડિયા ડોટ કોમ નામના સમાચાર પોર્ટલના સંપાદક અને અન્ય વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદ પાછી લેવાનો નિર્ણય કર્યો છે. આ એફઆઈઆર નુપૂર શર્મા, અજીત ભારતી અને અન્ય વિરુદ્ધ નોંધાઈ હતી. આ અગાઉ કોર્ટે બંગાળમાં નોંધાયેલ એક નવી ફરિયાદ પર આગળની કાર્યવાહી પર રોક લગાવી દીધી હતી.ટેલીનીપારા રમખાણો સાથે જોડાયેલું કંટેટ આ વેબ પોર્ટલ પર પ્રકાશિત કરવામાં આવ્યું હતું. નૂપૂર શર્મા, અરજી ભારતી અને અન્ય તરફથી ફરિયાદને પડકારતી મુખ્ય અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે, પશ્ચિમ બંગાળ સરકાર અને સત્તાવાદી કલકત્તા પોલીસ પત્રકારોને ડરાવવા માટે થઈને એફઆઈઆર અને પોલીસ બળનો ખોટો ઉપયોગ કરી રહી છે.

# વિશ્વમાં કોરોના વાયરસનાં કેસ વધીને ૨૬.૯ કરોડ સુધી પહોચી ગયા

## ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭,૯૯૨ નવા કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૧૧

વિશ્વમાં કોરોના વાયરસનાં ઓમિક્રોન વેરિઅન્ટનો ખતરો સતત વધી રહ્યો છે. દરમિયાન, વિશ્વમાં કોરોના વાયરસનાં કેસ વધીને ૨૬.૯ કરોડ થઈ ગયા છે. વળી, મહામારીની પકડમાં ૫૨.૯ લાખથી વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે ૮.૩૭ અબજથી વધુ લોકોને રસી આપવામાં આવી છે. જોન્સ હોપકિન્સ યુનિવર્સિટીના સેન્ટર ફોર સિસ્ટમ્સ સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, હાલમાં કોરોનાનાં વૈશ્વિક કેસ ૨૬૯,૧૧૦,૧૮૫ પર પહોંચી ગયા છે. વળી, મૃત્યુઆંક વધીને ૫,૨૯૪,૯૩૩ થઈ ગયો છે અને રસીકરણની સંખ્યા ૮,૩૭૨,૬૬૪,૮૮૧ થઈ ગઈ છે. વિશ્વમાં સૌથી વધુ કેસ અને મૃત્યુ સાથે યુએસ સૌથી વધુ અસરગ્રસ્ત દેશ છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે કહ્યું કે, ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭,૯૯૨ નવા કેસ નોંધાયા છે અને ૯,૨૬૫ લોકો આ મહામારીમાંથી સાજા થયા છે. આ સાથે, દેશમાં સક્રિય કેસ હવે કુલ કેસનાં ૧% કરતા ઓછા છે, જે હાલમાં ૦.૨૭% છે અને માર્ચ ૨૦૨૦ પછીનાં સૌથી ઓછા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૯૩ લોકોનાં મોત સાથે દેશમાં આ મહામારીનાં કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૪,૭૫,૧૨૮ થઈ ગઈ છે. મંત્રાલયે તેના દૈનિક અપડેટમાં જણાવ્યું હતું કે, ભારતનો સક્રિય કેસલોડ હાલમાં ૯૩,૨૭૭ છે, જે ૫૫૯ દિવસમાં સૌથી ઓછો છે. છેલ્લા ૨૪ કલાકમાં, ૯,૨૬૫ દર્દીઓ સંક્રમણમાંથી ઠીક થયા છે, જેનાથી કુલ ઠીક થયેલા દર્દીઓની સંખ્યા ૩,૪૧,૧૪,૩૩૧ થઈ ગઈ છે. દૈનિક પોઝિટિવિટી રેટ પણ ઘટીને ૦.૬૪% પર આવી ગયો છે, જે છેલ્લા ૬૮ દિવસથી ૨% કરતા ઓછો છે.દેશમાં શુક્રવારે ૮,૫૦૩ નવા કેસ નોંધાયા હતા, જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા કેસ તેના કરતા સહેજ ઓછા છે. એક દિવસ પહેલા, નવા સંક્રમિતોની સંખ્યા ૯,૪૧૯ હતી. દરમિયાન, ભારતનું રસીકરણ કવરેજ લગભગ ૧૩૨ કરોડ સુધી પહોંચી ગયું છે.

# વારાણસીમાં ૨ હજાર સંતોનો જમાવડો થશે, રામદેવ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાં હાજર રહેશે

નવીદિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩ ડિસેમ્બરે પોતાના સંસદીય મત વિસ્તારના પ્રવાસે જશે.આ દરમિયાન વડાપ્રધાન કાશી વિશ્વનાથ ધામનું ઉદ્ઘાટન કરશે.એ યાદ રહે કે કાશી વિશ્વનાથ કોરિડોર વડાપ્રધાનની મહત્વાકાંક્ષી પરિયોજનાઓમાંથી એક છે.તેને લઇ ઉત્તરપ્રદેશમાં ભાજપની સરકારે ૨,૦૦૦થી વધુ મુખ્ય મહંતો,સંતોને આમંત્રિત કર્યા છે.



એ યાદ રહે કે આ પહેલા રામ જન્મભૂમિ શિલાન્યાસ સમારોહ,કેદારનાખ પુનર્વિકાસ પરિયોજનાના ઉદ્ઘાટન પ્રસંગ પર કોરોના મહામારીના પ્રોટોકોલના કારણે મોટી સંખ્યામાં સંતોને આમંત્રિત કરવામાં આવ્યા ન હતાં.આવામાં હવે કાશીમાં ભાજપે સંતો અને હિન્દુ ધર્મગુરૂઓને સામેલ થવાની વિનંતી કરી છે.આ ઉપરાંત રાષ્ટ્રીય સ્વયંસેવધ સંધના પ્રમુખ મોહન ભાગવત અને યોગ ગુરૂ બાબા રામદેવને પણ ઉદ્ઘાટન કાર્યક્રમમાં હાજર રહેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે.ઉદ્ઘાટન સમારોહ પહેલા દેશભરથી આમંત્રાત્રિત સંતોની સંખ્યાનું અનુમાન ૫૫૦ હતું જો કે આ સંખ્યા હવે વધીને ૨,૦૦૦ થઇ ગઇ છે.આ કાર્યક્રમ માટે અન્ય રાજયોથી વધુ નામ મોકલવા માટે કહેવામાં આવ્યું છે.આ ઉદ્ઘાટન કાર્યક્રમમાં ગોવિંદ દેવ ગિરી,જગદગુરૂ શંકરાચાર્ય કરવીર પીઠ,જ્ઞાનેશ્વર મઠના શંકરાચાર્ય સરસ્વતી,મહારાષ્ટ્રના પંચ દિગંબર અખાડાના મહંત રામ કિશોર દાસજી મહારાજ,મોરારી બાપુ સાધ્વી રૂતુંભરાને આમંત્રિત કરવામાં આવ્યા છે.આ ઉપરાંત રમેશભાઇ ઓઝા, અવધેશાનંદજી મહારાજ,દયાનંદ સરસ્વતીજી મહારાજ મહંત બાલકનાથ,મહંત શિવશંકર દાસજી મહારાજ,ગુજરાતથી મહંત દિગંબર અની અખાડા કેરલમાંથી સ્વામી સત્યાનંદ સરસ્વતીજી મહારાજને પણ કાર્યક્રમમાં સામેલ થવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે.આ ઉપરાંત અનેક સાધુ સંતોને આમંત્રિત કરવામાં આવ્યા છે.

એ યાદ રહે કે કાશી વિશ્વનાથ ધામના લોકાર્પણને લઇ જીલ્લાધિકારી તરફથી નિમંત્રણ કાર્ડ વિતરણ કરવાની જવાબદારી પરિયોજના અધિકારીને સોંપવામાં આવી છે.જયારે કાર્યક્રમમાં આવનારા મહેમાનોને વાહન પાર્કિગ અને રહેવાની વ્યવસ્થા આપવાની જવાબદારી જીલ્લા આબકારી અધિકારીને આપવામાં આવી છે.

## મુંબઈના આંતરરાષ્ટ્રીય એરેપોર્ટ પરથી ૨૪૭ કરોડ રૂપિયાનું ૩૫ કિલો હેરોઈન પકડાયું

મુંબઈ,તા.૧૧

મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ડાયરેકોટોરેટ ઓફ રેવેન્યુઈન્ટેલિજન્સે ૨૪૭ કરોડરૂપિયાનું ૩૫ કિલો હેરોઈન પકડી પાડયું હતું. આ સંદર્ભે ઝીમ્બાબ્વેથી આવેલ એક પુરૂષ અને એક મહિલાની ધરપકડ કરી આ સંદર્ભે વધુ તપાસ આદરી હતી. ડીઆરઆઈએ આ સમગ્ર પ્રકરણ ત્યારબાદ વધુતપાસ માટે એર ઈન્ટેલિજન્સ યુનિટે સોંપી દેવામાં આવ્યું છે.

આ સંદર્ભે પ્રાપ્ત વિગતાનુસાર ડીઆરઆઈએ છેલ્લા થોડા સમયથી તસ્કરી કરતા લોકોને ઝડપી લેવાનું અભિયાન તેજ કર્યું છે. આ સંદર્ભે તેમને મળેલી ગુપ્ત માહિતીને આધારે ડીઆરઆઈએ ગુરૂવારે મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ચોકસાઈ વધારી હતી. આ સમયે અદિસ-અબાબાથી અલગ અલગ રૂટથી આવેલ ૪૬ વર્ષીય એક મહિલા અને ૨૭ વર્ષીય એક પુરુષને શંકાને આધારે અટકાવી તેમની ઝડતી લેતા તેમના સામાનમાંથી ૨૪૭ કરોડ રૂપિયાનું ૩૫ કિલો હેરોઈન મળી આવ્યું હતું. આ ઘટના બાદ ડીઆરઆઈએ આ બન્ને જણની ધરપકડ કરી આ સંદર્ભે વધુ તપાસ માટે એર ઈન્ટેલિજન્સ યુનિટને સોંપ્યા હતા.

ડીઆરઆઈએ અત્યાર સુધીમાં કરેલી આ સૌથી મોટી કાર્યવાહી છે. મુંબઈના એરપોર્ટ પરથી ુપકડાયેલો ડ્રગ્સનો આ સૌથી મોટો જથ્થો હોવાનું કહેવાય છે. ડીઆરઆઈએ હાલ ઓપરેશન ચેક શર્ટ નામનું અભિયાન હાથ ધર્યું છે. આ અભિયાન હેઠળ તસ્કરી અને વિદેશી નાણાંને ગેરકાયદે દેશમાં ઠાલવતા અથવા દેશમાંથી વિદેશમાં મોકલતા લોકો પર ગાળીયો કસ્યો છે. ડીઆરઆઈએ નવેમ્બર મહિનાના અંતમાં શારજાહ જતા બે નાગરિકોને રોકી તેમની ઝડતી લેતા તેમની બેગમાંના વિશેષ પોલાણમાંથી ૩.૭ કરોડ રૂપિયાનું મૂલ્ય ધરાવતા યુ.એસ.ડોલર અને દિરહામ પકડી પાડયા હતા. આ પ્રકારની અન્ય એક કાર્યવાહીમાં ડીઆરઆઈએ તાઈવાન-દક્ષિણ કોરિ- હોંહકોંગથી દિલ્હી એરપોર્ટ પર એર કાર્ગો દ્વારા આવેલ ૪૨ કરોડ રૂપિયાની સોનાની તસ્કરીનો પર્દાફાશ કરી આ સોનાનો જથ્તો જપ્ત કર્યો હતો. આ સોનાનો જથ્થો મશીનરી પાર્ટસ સ્વરૂપે સંતાડીને લઈ આવવામાં આવ્યો હતો.નાર્કોટિકસ કન્ટ્રોલ બ્યુરોની જેમ મુંબઈ પોલીસની એન્ટી નાર્કોટિક્સ સેલ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં મહાનગરમાંથી ૩૪૧૪ કિલો કેફીદ્રવ્ય પકડી પાડવામાં આવ્યું હતું જેની કિંમત કરોડોમાં અંદાજવામાં આવે છે. ૨૦૨૧ દરમિયાન પોલીસની એન્ટી નાર્કોટિકસ સેલે લગભગ ૮૩ કરોડનું ડ્રગ્સ હસ્તગત કર્યું હતું.

નાર્કોર્ટિક્સ કન્ટ્રોલ બ્યુરોએ ક્રુઝ ડ્રગ્સ પ્રકરણનો પર્દાફાસ કર્યો એ પહેલાં જ સુશાંતસિંહ રાજપૂતના મોત વખતે બોલીવૂડના ડ્રગ કનેકશન પર નજર ઠેરવીને પૂરજોશમાં કાર્યવાહી શરૃ કરી હતી. આમાં બોલીવૂડની અનેક હસ્તીઓ પર તવાઈ આવી હતી. એનસીબીની તપાસમાં એવું પણ જાણવા મળ્યું હતું કે બોલીવુડ સ્ટાર જ નહીં પણ સ્ટાર સંતાનો પણ નશીલી દવાઓનો છૂટથી ઉપયોગ કરે છે. આ સ્ટાર સંતાનો મોં માંગી કિંમતે ડ્રગ્સ ખરીદતા હોવાથી કેફી દ્રવ્યો પૂરા પાડતી દલાલોની આપી સિન્ડીકેટ હોવાનું બહાર આવ્યું હતું.

# તંત્રી લેખ

## ૫ વસ્તુઓ તમારા રૂટીનમાં સામેલ કરી ફિટ અને તંદુરસ્ત રહો

શરીરને ફિટ અને તંદુરસ્ત રાખવા માટે પોષણયુક્ત આહારનું સેવન કરવું જરૂરી છે. આહાર પ્રણાલીમાં પોષણયુક્ત આહાર શામેલ કરવો જોઈએ. પોષણયુક્ત આહારનું સેવન કરવાથી શરીમાં વિટામિન્સ અને મિનરલ્સની આપૂર્તિ થાય છે. પૌષ્ટીક આહારનું સેવન કરવાથી શરીરમાં ઊર્જાના સ્તરમાં વધારો થાય છે. અહીયા એવા આહાર વિશેની જાણકારી આપવામાં આવી છે, જે તમને એકદમ ફિટ અને તંદુરસ્ત રાખવામાં મદદ કરશે.

કેળા- વર્કઆઉટ કર્યા બાદ કેળાનું સેવન કરવું તે સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભદાયી છે. કેળામાં અનેક પ્રકારના પોષકતત્વો રહેલા છે. કેળામાં ભરપૂર માત્રામાં કાર્બોહાઈડ્રેટ્સ રહેલા છે જેનાથી કસરતના પર્ફોર્મન્સમાં સુધારો થાય છે. નિયમિત કેળાનું સેવન કરવાથી તમારી ફિટનેસમાં સુધારો આવે છે અને ઊર્જાના સ્તરમાં વધારો થાય છે.

બદામ- બદામ વિટામિન ઈ, ફાઈબર અને પ્રોટીનથી ભરપૂર હોય છે, જે હૃદયના સ્વાસ્થ્ય અને વજનને મેનેજ કરવા માટે ખૂબ જ લાભદાયી છે. તમે કસરત કરતા પહેલા નાશ્તાના ભાગરૂપે એક મુઠ્ઠી બદામનું સેવન કરી શકો છો. બદામથી પેટ ભરેલું રહે છે અને જલ્દી ભૂખ લાગતી નથી. તમે બદામની સાથે તમારી ફેવરિટ સ્મૂધીનું સેવન કરી શકો છો. એક સ્ટડી અનુસાર બદામનું સેવન કરવાથી ઉઁઠ્ઠ-કૉલસ્ટ્રોલ સંતુલિત રહે છે અને પેટની ચરબીમાં ઘટાડો થાય છે.

સ્પ્રાઉટ્સ સલાડ- સ્પ્રાઉટ્સ સલાડ ફિટનેસ માટેનો સૌથી બેસ્ટ ઓપ્શન છે. સ્પ્રાઉટ્સ સલાડમાં ફોલેટ, મેગ્નીશિમ, ફોસ્ફરસ, સેલેનિયમ અને પોટેશિયમ જેવા પોષકતત્વો રહેલા છે. સ્પ્રાઉટ્સનું સેવન કરવાથી દાળનું યોગ્ય રીતે પાચન થાય છે. શરીરને યોગ્ય માત્રામાં પ્રોટીન મળી રહે છે. નિયમિત મગ સ્પ્રાઉટ્સ, ચણા સ્પ્રાઉટ્સ, અલ્ફાલ્ફા સ્પ્રાઉટ્સ અને રાજમા સ્પ્રાઉટ્સનું સેવન કરી શકાય છે.

ઈંડા- સ્વસ્થ રહેવા માટે ઈંડા એક બેસ્ટ ઓપ્શન છે. ઈંડામાં ભરપૂર માત્રામાં કેલ્શિયમ, આયર્ન, પોટેશિયમ, સેલિનિયમ, ફેટી એસિડ્સ, એમિનો એસિડ અને પ્રોટીન રહેલા છે. તમારે ફિટ અને તંદુરસ્ત રહેવા માટે નિયમિતરૂપે સવારે નાશ્તામાં ઈંડાનું સેવન કરી શકો છો. ઈંડાનું સેવન કરવાથી શરીરમાં વિટામિન એ, બી૧૨, બી૬, ઈ ની આપૂર્તિ થાય છે.

દલિયા- ફિટ રહેવા માટે દલિયાને દૈનિક આહારપ્રણાલીમાં જરૂરથી શામેલ કરવા જોઈએ. દલિયાનું સેવન કરવાથી શરીરને યોગ્ય શેપ મળે છે અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. સપ્તાહમાં ત્રણથી ચાર વાર દલિયાનું સેવન જરૂરથી કરવું જોઈએ.



આ કવિતામાં મે મારી જૂની યાદો તાજી કરી છે . મારું બાળપણ આશા છે આપ સૌને પણ ગમશે.??????

મુંબઈનાં મોટાં ભાગનો વર્ગ પહેલાં દક્ષિણ મુંબઈમાં જ રહેતો , પહેલાં પરામાં કોઈ રહેતું નહોતું, બધાં જ ઝ ઉંદ્ગિમાં રહેતાં એટલે લોકોમાં ત્યાંની અનેક યાદો જોડાયેલી હતી , તો ચાલો મિત્રો એ યાદોને તાજી કરીને મજા માણીએ.

શીર્ષક
મજા જ અનેરી હતી.
એ કીશનના વડાપાવ ને શાંતિયાની પેટીશ ને ફણસવાડીની સેન્ડવીચ,
એ સરદારની ભાજીપાવ ને સાથે તીખી તમતમતી ચટણીની,
મજા જ અનેરી હતી.
એ વિઠ્ઠલની ભેળપુરી ને પાંદડામાં પીરસાતી પાણીપુરી,
એ ખાઉધરા ગલીનાં મટકાં આઈસક્રીમ સાથે ભુલેશ્વરમા ફરવાની,
મજા જ અનેરી હતી.
એ મોહનના પુડલાં ને
ગુલાબીરંગનાં બરફનાગોળા તકમરીયાવાળાં,
એ ખારાકૂવાની પાપડી ને મુંમ્બાદેવીની ગરમાગરમ કે કેસરવાળી જલેબીનાં ગુંચળાંની,
મજા જ અનેરી હતી
એ જવાહરની કાશ્મીરી સોડા ને બાદશાહનો ફાલુદા,
એ યાર દોસ્તો સાથે સાથે મળીને ધીંગા મસ્તી કરવાની,
મજા જ અનેરી હતી
એ લક્ષ્મી વિલાસ હોટલનાં ઢોસા ને સ્ટીલની પ્યાલીમાં કોફી,
એ ડૉ કુવાડિયા કડવી દવા ને દશેરાએ ભાંગવાળી પાતડભાજીની ,
મજાજ અનેરી હતી.
એ શ્રીનાથ ચિમનલાલનો ચેવડો , લસ્સી ને પારસીડેરીનું દૂધ ને ભગતનું શરબત ,
એ ભાંગવાડીનું નાટક ને એડવર્ડનાં બાંકડા પર બેસી ફિલ્મ જોવાની,
મજા જ અનેરી હતી.
એ મહિના પહેલાં લગ્નસરા પર દીપી ઉઠતો માળો,
એ લગ્નનો વરઘોડો ને પંગત પાડીને આગ્રહ કરીને જમાડવાની,
મજા જ અનેરી હતી.
એ તહેવારોમાં ગમ્મત કરતાં ભેરુબંધો સર્વે,
એ ઉતરાણમાં ઊંધિયા ને ખીચડા સાથે ધાબે ચઢીને પતંગ ચગાવવાની,
મજા જ અનેરી હતી.
એ ચોપાટીનો દરિયો ને નરીમાન પોઈન્ટની પાળી,
એ ચોપાટીમાં રમત રમવાં સાથે સેવવાળી આઈસક્રીમની ,
મજા જ અનેરી હતી.
એ મોળાકાતમાં નર નારાયણ મંદિરમાં ગરબે રમતી ગોપીઓ,
એ ઈબ્રાહીમ ઢોલીની સાથે શરણાઈનાં સૂરમાં થતી રાસલીલાઓની,
મજા જ અનેરી હતી
એ દિવાળીમાં ચાર વાગ્યામાં ગાજી ઉઠતી ચાલીઓ,
એ સવાર સવારમાં સાલમુબારક સાથે વિવિધ પકવાન ખાવાની,
મજા જ અનેરી હતી.
ખરેખર મુંબઈનાં (C Word) દક્ષિણ મુંબઈનાં વિસ્તારમાં રહેવાની મજા જ અનેરી હતી !

જીજ્ઞા કપુરિયા નિયતી

# સદાબહાર સુર - ૫૦

## અવિનાશ વ્યાસ

આ લેખમાળા લખી રહી હતી ત્યારે એ સમય હતો ૨૦૨૦ નો આમ તો એ ૨૦૨૦નું વર્ષ જાણે સ્થિરતા લઈને આવ્યું હોય એમ ઘણાં બધાના જીવન સ્થગિત થઈ ગયા હતાં. યાદ છે નાના હતાં ત્યારે સ્ટેચ્યૂની રમત રમતાં? એમ ઉપરવાળાએ દુનિયાના અત્યંત કામઢા લોકોને, વધારે પડતા દોડાદોડી કરતાં લોકોને સ્ટેચ્યૂ કહી દીધું. ઘણુંબધું સ્થગિત થઈ ગયું પણ મનથી જે સક્રિય હતાં એમણે એમની સક્રિયતાને સ્થગિત કરવાના બદલે વધુ વેગ આપ્યો. ચાર દીવાલોની વચ્ચે રહીને આ સ્થગિત સમયને જીવંત રાખ્યો.


મારા માટે એ ૨૦૨૦નું વર્ષ સ્થગિતતામાં પણ સક્રિયતાસભર રહ્યું. સર્જનાત્મક રહ્યું.

વર્ષની શરૂઆત અને એક નવો વિષયપ 'બેઠક'માં આ વર્ષે કોઈ એક વિષયના બદલે વ્યક્તિવિશેષ વાત કરવાની હતી. સાહિત્યની સાથે સંગીત આપણાં જીવનમાં સતત વણાયેલું છે. કદાચ સૌના જીવનમાં સમજણની શરૂઆતથી સાહિત્ય પહેલાં સંગીત આવ્યું. પ્રભાતિયા, પ્રાર્થનાથી શરૂ કરીને હાલરડાં અને તે પછી જીવનમાં આવતા પ્રત્યેક પ્રસંગોમાં પણ સંગીત આપણાં જીવન સાથે વણાયેલું રહ્યું છે.

જીવનમાં બનતી ઘટનાઓ આનંદની હોય કે એકલતાની, પ્રત્યેક પળ સંગીતના સથવારે સચવાઈ જાય અને ક્યારેક વધુ સોહામણી, સુમધુર બને..આપણે રહ્યા ગુજરાતી એટલે ગુજરાતને, ગુજરાતીપણાને ગૌરવવંતુ કરનાર એક વ્યક્તિ જે હંમેશા આપણી સાથે જોડાયેલી રહી છે એ વ્યક્તિવિશેષ વિશે વાત કરવાની, રાજીપાને વ્યક્ત કરવાની એ તક હતી, અવસર હતો.

આપણે કોઈ ગદ્ય કે પદ્ય લખીએ છીએ ત્યારે એમાં શબ્દોની અભિવ્યક્તિમાં મોટાભાગે આપણી અંતઃસ્ફૂરણા સૌથી મોટો અને મહત્વનો પાયો, આધાર હોય છે. જ્યારે આપણે નિબંધ લખીએ છીએ ત્યારે એમાં કલ્પનાથી વિશેષ માહિતી મહત્વની બને છે.

અફાટ ફેલાયેલી પ્રકૃતિના રંગ અનેક છે. આ અફાટ ફેલાયેલી પ્રકૃતિને નજરમાં ભરીએ છીએ ત્યારે એમાં એક અનુભૂતિ ઉમેરાય છે.




મૂર્તિ સ્વરૂપ ભગવાનની ભક્તિ કરીએ છીએ ત્યારે એમાં અનોખો ભાવ ભળે છે. અમૂર્ત એવા ઈશ્વરને ક્યારેય જોયા નથી પણ એ ઈશ્વરની કલ્પના કરીએ ત્યારે એમાં ભક્તિની અનેરી લાગણીના ભાવ ભળે છે. આ વાત છે અનુભૂતિની અને હવે વાત આવે છે અનુભવની.આપણા જીવનકાળ દરમ્યાન માનવ મહેરામણથી છલકાતા આ વિશ્વમાં અનેક વ્યક્તિઓને મળવાના, જાણવાના અવસર આવતા હોય છે અને આવતા રહેશે. એમાંથી અનેક વ્યક્તિઓ એવી હશે જે આપણાં જીવનમાં આજે આવી અને કાલે ભૂલાઈ જશે. અનેક એવી વ્યક્તિઓ છે જેમની સ્મૃતિ આપણાં માનસપટ પર ચિરકાળ સ્થાયી બની જશે. જેમના વિશે વાત અને એમની યાદો ક્યારેય જૂની નથી થતી. સ્મૃતિની સંદૂકમાં સચવાયેલી રહે છે. જ્યારે મન થાય ત્યારે આલબમના પાના ઉથલાવીને એમાં જડાયેલી તસવીરની જેમ એ યાદોને મમળાવીને તાજી કરી લઈએ છીએ.

એ વર્ષ દરમ્યાન જે લેખમાળા લખાઈ એમાં આવા એક વ્યક્તિવિશેષ વિશે વાત કરવાની હતી. ત્યારે મારા અને તમારા માનસપટ પર ચિરસ્થાયી અંકિત થયા છે એવા શ્રી અવિનાશ વ્યાસ વિશે વાત આલેખવાનું વિચાર્યુ ત્યારે મનમાં એક વાત સ્પષ્ટ હતી કે અહીં કલ્પનાથી વિશેષ માહિતી મહત્વની છે. આ સંદર્ભે અવિનાશ વ્યાસ વિશે, ગુજરાત અને ગુજરાતીઓને ગૌરવવંતા કરતાં એમના પ્રદાન વિશે જાણવા પ્રયાસ કર્યો. અવિનાશ વ્યાસ સાથેની મારી સ્મૃતિઓ, એમને મળેલી અનેક વ્યક્તિઓ પાસેથી જાણેલી વાતોની સાથે શક્ય હોય ત્યાંથી એમને ઓળખવા પ્રયત્ન કર્યો. એમના ગીત-સંગીત થકી એમની પ્રતિભા વિશે જ્યારે જે જાણ્યું એમાં મારી પોતાની અનુભૂતિનો, અહોભાવનો ઉમેરો થયો અને એમાંથી સર્જાઈ આ લેખમાળા. લેખ દરમ્યાન અવિનાશ વ્યાસના ગીતો, ગરબા કે ભજનો વિશે વાત કરતી ત્યારે અનાયાસે એમાં મારા ભાવ વણાઈ જતાં.

એટલે આ લેખમાળાને માત્ર એક નિબંધ કે શોધલેખનના બદલે અનુભૂતિમાળા પણ કહીશ.

સુગમસંગીતના ભિષ્મપિતા તરીકે ઓળખાતા અવિનાશ વ્યાસ વિશેના આલેખન દરમ્યાન આ સુગમ સંગીત વિશે જાણવા પ્રયત્ન કર્યો. એમ કરવું ગમ્યું. થોડું સંગીતની નજીક જવાયું. ભલે સુગમસંગીત નામ છે પણ અવિનાશ વ્યાસની અનેક એવી રચનાઓ છે જેમાં ક્યાંક અગમ્ય, ગૂઢ ભાવો અને ભક્તિ વણાયા છે એય સમજાયા.આ વર્ષ દરમ્યાન અવિનાશ વ્યાસ વિશે જે આલેખી શકી, જે અભિવ્યક્ત કરી શકી એનો મને આનંદ છે અને આપ સૌના પ્રતિભાવથી એ આનંદ બેવડાયો, મારા એ આનદમાં અનેકઘણો ઉમેરો થયો.આભાર આપ સૌ વાચક મિત્રોનો.આ લેખના આરંભમાં કહ્યું તેમ આમ તો એ ૨૦૨૦નું વર્ષ જાણે સ્થિરતા લઈને આવ્યું હતું પણ સાથે સ્થગિતતામાં સર્જનાત્મકને અને સક્રિયતાસભર રહ્યું.આ વાતના અનુસંધાનમાં એક સરસ મઝાના કાર્યક્રમનો ઉલ્લેખ કરવો મને ગમશે. શ્રી અવિનાશ વ્યાસનો જન્મદિન આવે ૨૧ જુલાઈએ. 'બેઠક'- શબ્દોનું સર્જને- અવિનાશ વ્યાસના જન્મદિન પહેલાં ૧૧મી જુલાઈએ જ એમના વિશે વાત કરવાનો, એમની સ્મૃતિ તાજી કરવાનો, એમને પોંખવાનો એક અવસર યોજયો. આ ટાણે શ્રી અવિનાશ વ્યાસને અંગત રીતે જાણતા મહેમાનોને આમંત્ર્યા જેમણે અવિનાશ વ્યાસ સાથેના મીઠા સંબંધો, જીવનભરના સંભારણાની વાતો કરી. ત્યારે સૌથી આનંદપ્રદ ઘટના એ બની કે શ્રી ગૌરાંગ વ્યાસ- શ્રી અવિનાશ વ્યાસના સુપુત્રો ઉપસ્થિત થઈને આ અવસરને વધુ ઉજાળ્યો.૨૦૨૦નું વર્ષ એના અંતિમ પડાવ પર પહોંચવામાં છે ત્યારે 'સદાબહાર સૂર અવિનાશ વ્યાસ- લેખમાળામાં રસ લેવા માટે, પ્રતિભાવ આપી પ્રોત્સાહિત કરવા માટે ફરી એકવાર આપ સૌ વાચકમિત્રોનો તહે દિલસે આભાર.





## અંતરનાં આયનામાં....
### (લેખાંક - ૮૨)
### વર્ષા જાની

આપણે ખુશી માટે ઘણું બધું ભેગું કરવું પડે છે, સામાન્ય સમજણ આવી છે, પણ હકીકત તો એ છે કે ખુશી માટે ઘણું બધું જતું કરવું પડે છે!

પરિવાર માટે સુખ, શાંતિ,ખુશી, આનંદ ઉત્સાહ મેળવવા માટે માણસ આખી જિંદગી દોડે છે.મારાં પતિ માટે હું આમ કરું, મારાં બાળકો માટે હું એમ નહીં કરું તો કોણ કરશે? મારી પત્ની માટે મારે આમ તો કરવું જ જોઈએ, અમારાં ઘરનાં વડીલોને એ ન ચાલે...એ નહીં ફાવે માટે મારે આમ કરવું જ પડશે..! આવી વિચાર સરણીથી આપણે જીવનની બીજી બધી બાબતો ગૌણ ગણીને પરિવારની એ વાતને મહત્વની ગણીએ છીએ. ત્યારે આપણે આપણા મનની કેટલી બધી ગમતી બાબતોનું બલિદાન આપી દઈએ છીએ! જીવનમાં બીજાની કહેવાતી ખુશી માટે કેટલું બધું જતું કરીએ છીએ અને એ પણ ખુશી ખુશીથી! કેટલી ઉત્તમ પારિવારિક ભાવના! અને જીવનની ઉત્તમ પરિપકવતા ત્યારે જ સધાય છે. પરિપકવતાનાં કે સમજણનાં મૂળ જેટલાં ઊંડા હશે એટલી જીવનના ઝંઝાવાતો સામે અડીખમ ટકી રહેવાની તાકાત મળી રહેશે.ગમે એવા કપરામાં કપરા ગેરસમજનાં વાવાઝોડા કે તોફાન આવે કે પછી જીવન સમદરમાં ત્સુનામીનો જુવાળ ઉભરી આવે, ત્યારે મનમાં સબૂરી ધારણ કરી લેવી એ જ ઉત્તમ પાસું ગણી શકાય. મનનાં લાગણીનાં આવેશો સમાવીને ઉચિત રીતે મૌન ધારણ કરી લેવામાં જ ડહાપણ ભરેલું છે. ગમે એવી તોછડી કે અછડતી ભાષા વાપરનાર વ્યક્તિ પોતાની હલકી મનોવૃત્તિનું પ્રદર્શન કરે છે. ખોટી રીતે બીજાની વાતમાં પડીને કે એને ઉકસાવીને નિમ્નકક્ષાની હરકતો કરીને બીજાને ભડકાવે છે. એને પોતાની ઉંમરની રીતે જોઈએ તો પણ એનામાં સહેજે પરિપકવતા જોવા મળતી નથી.કેમકે, પરિપકવતા અને સમજણ વ્યક્તિના મૌન અને ભાષા ઉપરથી સમજાય છે.!!

કોઈપણ જગ્યાએ, કોઈની પણ સાથે સંબંધ નિભાવવા માટે પાકટતા અને સમજણ જરૂરી બને છે.સમ એટલે સમાન, બંધનના બન્ને પક્ષે સમાનતાની સદ્ધરતા હોવી જરૂરી બને છે.સમયનાં વહેણની સાથે સાથે ઘસારો પણ ખમવો પડે છે!એક પક્ષીય સંબંધની વેલિડિટી ક્યારેય લાંબી હોતી નથી!સંબંધનું પલ્લું તો મોટેભાગે સમાનપણે ટોળાંતુ રહેવું જોઈએ. ક્યારેક આ પક્ષે થોડું નમતું હોય તો ક્યારેક સામા પક્ષે. નાનાબાળકો જેમ ઉંચકનીચકમાં સમાન રીતે ઊંચા નીચા પલડાને પણ બરાબર બેલેન્સ કરી જાણે છે. એમ સંબંધમાં પણ એવુ જ હોવું જરૂરી બને છે.જો એક પક્ષનું પલડું સતત ઊંચું રહે તો તરત જ નાનાં મોટાના,



અમીર ગરીબના કે સ્વામી સેવકનાં ભેદ સરજાયા વગર રહેતા જ નથી.અને પછી એમાં હક્ક જતાવવાની વાત પણ એક તરફી વેગવંતી બની જાય તો નવાઈ લાગવી જોઈએ નહીં.આપણે ઘણીવાર સાંભળતા હોઈએ છીએ કે એ બન્ને વચ્ચે તો બહુ સારા સંબંધ હતાં. પણ હવે તો એકબીજાની સામે જોવા પણ માંગતા નથી!! તો આવું થવા પાછળનું કારણ તો એના મૂળ સુધી પહોંચીએ ત્યારે જ હકીક્ત સમજમાં આવે, કે કેટલી મોટી ગેરસમજનું આ પરિણામ છે!પણ જયારે એ બાબત સમજમાં આવે ત્યારે સમય ચાલ્યો ગયો હોય છે!

સમય, તબિયત અને સંબંધ આ ત્રણેય પર ષ્ઠિં ક્રક્ષ નથી આવતી, પણ આપણે જ્યારે એને ખોઈએ છીએ ત્યારે જ આપણને એની સાચી કિંમત સમજાય છે...!!!

વર્ષા જાની
ભાવનગર
૧૨ ડિસેમ્બર ૨૦૨૧

# ૧૦ રૂપિયામાં એક ટામેટું મળતુ થયું તો ય સરકારના પેટનું પાણી હાલતુ નથી

અમદાવાદ,તા.૧૧

ગુજરાતમાં ટામેટાંના વધતા ભાવથી સ્થિતિ એવી થઈ છે લગભગ ૧૦ રૂપિયામાં એક ટામેટું મળી રહ્યું છે. ગુજરાતના મોટા શહેરોમાં ટામેટાં ૮૦ થી ૧૦૦ રૂપિયાના ભાવે એક કિલો વેચાઈ રહ્યા છે. એક કિલો ટામેટાંમાં ૮ થી ૧૦ નંગ આવતા હોય છે. જેથી સરેરાશ એક ટામેટું ૧૦ રૂપિયામાં લોકોને પડે છે. પેટ્રોલ અને ડીઝલના ભાવે એક કિલો ટામેટાં મળતા હોવાથી ગૃહિણીઓના બજેટ ખોરવાયા છે. સાથે જ હોટલ અને રેસ્ટોરન્ટમાંથી પણ ટામેટાં અદ્રશ્ય થઈ રહ્યા છે.વેપારીઓનું કહેવું છે કે માલની અછતના લીધે ટામેટાં સહિતના શાકભાજીના ભાવમાં વધારો થયો છે. ગત વર્ષે શિયાળામાં ટામેટાં ૧૦ રૂપિયાના ભાવે એક કિલો વેચાતા હતા. જેમાં આજે ૧૦ ગણો વધારો થયો છે. કમોસમી વરસાદથી ખેડૂતોના પાક ધોવાઈ જતા માલની અછત ઊભી થઈ છે. જેથી કર્ણાટક અને મહારાષ્ટ્રમાંથી ઊંચા ભાવે ટામેટાં ખરીદવા પડે છે. રાજ્યમાં ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ ટામેટાં પાકે છે પરંતુ વાતાવરણમાં પલટો આવતા શાકભાજીનો પાક નિષ્ફળ ગયો છે. જેથી ટામેંટા સહિત ડુંગળીના ભાવમાં પણ વધારો થયો છે. આમ પાક નિષ્ફળ જતા ખેડૂતોને ભારે નુકસાન થયું છે. તો બીજી તરફ ઊંચા ભાવથી લોકો પણ લૂંટાઈ રહ્યા છે. જેમાં વેપારીઓ અને વચેટિયા માલામાલ થઈ રહ્યા છે.

ખાદ્ય અને ઉપભોક્તા બાબતોના મંત્રાલયે ટામેટાના વધતા ભાવો પર કહ્યુ હતું કે, દેશના ઉત્તરીય રાજયોમાંથી ટામેટાંનું આગમન ડિસેમ્બરની શરૂઆતથી શરૂ થશે, જે ઉપલબ્ધતામાં વધારો કરશે અને કિંમતોમાં રાહત આપશે. પંજાબ, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં કમોસમી વરસાદને કારણે સપ્ટેમ્બરના અંતથી ટામેટાંના છૂટક ભાવ વધવા લાગ્યા હતા. ઉત્તર ભારતીય રાજયોમાંથી વિલંબિત આગમનને કારણે તમિલનાડુ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને કર્ણાટકમાં ભારે વરસાદ પડ્યો, પુરવઠો ખોરવાયો અને પાકને નુકસાન થયું. પરંતુ ડિસેમ્બર આવ્યા બાદ પણ ટામેટાના ભાવ ઘટવાના કોઈ અણસાર દેખાતા નથી.

# રોકાણ લાવવા ગુજરાતનાં મુખ્યમંત્રી દુબઈ ગયા અને રાજસ્થાનના મંત્રી અમદાવાદમાંથી રૂ. ૧ લાખ કરોડનું ઈન્વેસ્ટમેન્ટ લઈ ગયા

ગુજરાત સરકાર પોતાની સિગ્નેચર ઈન્વેસ્ટમેન્ટ સમિટ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (વાઈબ્રન્ટ ગુજરાત) ૨૦૨૨ માટે જોરશોરથી તૈયારીઓ કરી રહી છે. આના ભાગરૂપે છેલ્લા ત્રણ સપ્તાહથી રાજ્યના વિવિધ ઉદ્યોગો સાથે સંભવિત રોકાણ માટેના કરાર કરી રહી છે અને અત્યાર સુધીમાં રાજ્યમાંથી માત્ર રૂ. ૫૩,૦૦૦ કરોડના મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ (MOU) સાઈન કર્યા છે. બીજી તરફ રાજસ્થાન સરકાર પણ જાન્યુઆરીમાં ઈન્વેસ્ટ રાજસ્થાન-૨૦૨૨નું આયોજન કરી રહી છે. જેના માટે રાજસ્થાન સરકારે આજે ૮ ડિસેમ્બરે અમદાવાદમાં એક રોડ શો યોજ્યો હતો. આ ઈવેન્ટમાં રાજસ્થાનને અમદાવાદમાંથી આશરે રૂ. ૧ લાખ કરોડના મૂડીરોકાણ કમિટમેન્ટ્સ મળ્યાં હતા.




**ટોરેન્ટ ગ્રુપ રાજસ્થાનમાં ગેસ અને પાવર સેક્ટરમાં રોકાણ કરશે**

ગુજરાતનાં એનર્જી અને ફાર્મા સેક્ટરમાં અગ્રણી ટોરેન્ટ ગ્રુપે રાજસ્થાન સરકાર સાથે અલવરમાં સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન માટે રૂ. ૫૦૦૦ કરોડના કરાર કર્યા છે. તેવી જ રીતે બાડમેરમાં રિન્યુએબલ એનર્જી પાર્ક બનાવશે. આ પ્રોજેક્ટ માટે ટોરેન્ટ રૂ. ૧૬૦૦૦ કરોડનું રોકાણ કરશે. આ રીતે ગ્રુપ રાજસ્થાનમાં રૂ. ૨૧,૦૦૦ કરોડનું ઈન્વેસ્ટમેન્ટ કરશે જેના કારણે ત્યાં ૧૩૦૦થી વધું લોકોને રોજગારી મળશે.

**રાજસ્થાન સરકારે ગુજરાતમાં ૪૦ ઈન્વેસ્ટમેન્ટ કરાર કર્યા**

ઈન્વેસ્ટર્સ સમિટની પ્રસ્તાવના રૂપે યોજાયેલા આ કાર્યક્રમ સાથે રાજસ્થાને રૂ. ૪૧,૫૯૦ કરોડા મૂલ્યના સમજૂતિ કરાર (MOU) તથા રૂ. ૬૪,૧૧૦ કરોડના મૂલ્યના લેટર ઓફ ઈન્ટેન્શન્સ (LoI) મળીને કુલ કુલ ૪૦ કરારો થયા છે. એ સાથે મૂડીરોકાણ કમિટમેન્ટ્સનું કુલ મૂલ્ય આશરે રૂ. ૧,૦૫,૦૦૦ કરોડનું થાય છે. અક્ષય ઊર્જા, સિટી ગેસ સપ્લાય, સિમેન્ટ ઉત્પાદન, લોજિસ્ટિક્સ, ટુરિઝમ અને હોસ્પિટાલિટી વગેરે જેવા ક્ષેત્રોમાં મોટાભાગે મૂડીરોકાણની દરખાસ્તો થઈ છે.

**રાજસ્થાનમાં મૂડીરોકાણ માટે નવા અવસરો**

રાજસ્થાનના આરોગ્ય અને એક્સાઈઝ મંત્રી પ્રસાદી લાલ મીણાએ કહ્યું કે, વિસ્તારની દૃષ્ટિએ રાજસ્થાન ભારતનું સૌથી વિશાળ રાજ્ય છે અને તે ખનિજ તથા અન્ય કુદરતી સંસાધનો વડે ભરપૂર છે. નોડલ ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સીઝ – RIICO તથા BIPના પ્રયાસો મૂડીરોકાણ માટે નવા અવસરો સર્જી રહ્યાં છે તથા રોકાણકારોને કારોબારમાં સરળતા પરત્વે આશ્વસ્ત કરી રહ્યાં છે. રાજ્યમાં ઔદ્યોગિકરણની પ્રક્રિયાને ક્રોસ સેક્ટર થ્રસ્ટ પૂરો પાડવાની દિશામાં ઈન્વેસ્ટ રાજસ્થાન ૨૦૨૨ એક મહત્વનું પગલું બની રહેવાની અપેક્ષા છે.

**રાજસ્થાનમાં ટુરિઝમ એક મહત્વનું ક્ષેત્ર છે**

રાજસ્થાનના પ્રવાસન વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી ગાયત્રી રાઠોડે જણાવ્યું કે, રાજસ્થાનમાં ટુરિઝમ એક મહત્વનું ક્ષેત્ર છે અને તે સમગ્ર વર્ષ દરમિયાન દરેક સિઝનમાં ગુજરાતમાંથી મોટી સંખ્યામાં મુલાકાતીઓને આકર્ષતું હોય છે. આ બે રાજયો વચ્ચે આતિથ્યની કડીઓને વધુ મજબૂત બનાવવા માટે મૂડીરોકાણો તેમજ સહયોગ માટે ગુજરાતના સાહસિકો તરફ નજર દોડાવી રહ્યાં છીએ. ગુજરાતના રોકાણકારો સાથે અમે ટુરિઝમ અને હોસ્પિટાલિટી ક્ષેત્રમાં બે સમજૂતિ કરાર ઉપર અમે આજે હસ્તાક્ષર કર્યાં છે.

# ઉનામાં આખલાએ શીંગડા મારીને વૃદ્ધાના પેટના આંતરડા કાઢી નાખતા જીવ ગયો

સોમનાથ,તા.૧૧

ગુજરાતમાં રખડતા ઢોરોનું સામ્રાજ્ય વધી રહ્યું છે. રાતનો સમયે તો ઢોરોનો જ રસ્તો હોય તેમ રસ્તા પર અડીંગો જમાવીને બેસે છે. પરંતુ મોટાભાગની મહાનગરપાલિકાની કામગીરી એટલી નબળી હોય છે કે, તેમના પ્રતાપે ઢોર આરામથી રસ્તા પર ફરતા હોય છે. આવામાં ઉનામાં એક આખલાએ વૃદ્ધ મહિલાનો જીવ લીધો છે.

આખલાએ મહિલા પર એવો હુમલો કર્યો કે, આખલાએ વૃદ્ધાને પેટમાં શીગડા મારી આંતરડા બહાર કાઢી નાંખ્યા હતા. વૃદ્ધ મહિલા તરફડીને મોતને ભેટ્યા હતા.

ઉનાના પાલડી ગામે આખલાનો આતંક છવાયેલો છે. ઉનાના રસ્તાઓ પર પણ રખડતા ઢોરોનું સામ્રાજ્ય જોવા મળે છે. ઉનાના પાલડી ગામે વાસ વિસ્તારમાં રહેતા કમરણબેન બાબરીયા વૃદ્ધા ૬૫ વર્ષની ઉંમરના છે. તેઓ પોતાના ઘરની બહાર જ કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક રખડતો આખલો ત્યાં આવી ચઢ્યો હતો. આખલાએ કરમણબેનને શીગડા માર્યા હતા. આખલાનો હુમલો એટલો ભારે હતો કે, વૃદ્ધાના પેટના આંતરડા બહાર આવી ગયા હતા.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001